

# માળા

પ્રેરણા:
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



અંતરની શ્રદ્ધાએ પ્રભુ ગુણ ગુંજનની હારમાળા સર્જાય!
પ્રભુ સ્મરણમાં મન એકાગ્ર થાય.
કર્મક્ષયની આ આરાધનાએ સહુનો આત્મા,
પરમાત્મા સાથે એકાકાર બની જાય, એ જ મંગલ અભ્યર્થના!

પ્રભુ પ્રેમના તાંતણે
પરોવાઇ ગયાં
મારા અને પ્રભુના
દિવ્ય મિલનના મોતી...



પ્રેરણાઃ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



# માળા...

- ભક્ત અને ભગવાનને જોડતો સેતુ તે માળા.
- પ્રભુના નામ સ્મરણથી, સતત પ્રભુની ચરણગોદની અનુભૂતિ કરાવે તે માળા.
- માન પર વિજય મેળવવામાં સહાયક તે માળા.
- મોહ તોડાવી, મોક્ષ માળા પ્રાપ્ત કરાવે તે માળા.



# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર...

- ઉપસર્ગ હરનાર, દુખ નિવારક, સમૃદ્ધિ પ્રદાયક મંત્ર એટલે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર!
- શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર દ્વારા પ્રભુ પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ ભક્તિ થતાં ભગવાનના ગુણોનું ગુંજન સ્વયંમાં જ પ્રભુ પાર્શ્વ જેવા ગુણોનું આરોપણ કરાવી, આત્મશુદ્ધિ તરફ પ્રગતિ કરાવે છે. પ્રભુ ભક્તિથી ઉદ્ભવતા પાવન સ્પંદનો મન અને વાતાવરણને શાંત-પ્રશાંત કરી દેતા હોય છે.
- ભક્તિ કરતાં કરતાં આપણા અવગુણો, આપણા દોષો ધોવાય જાય અને આત્મા નિર્મળ બનતા સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થાય છે.

# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો ઉદ્ભવ...

- આ સ્તોત્ર એ માત્ર શબ્દોની રચના નથી પણ એક એક શબ્દમાં બીજ મંત્ર સમાયેલા છે, મહાશક્તિ સમાયેલી છે.
- પરમાત્મા પાર્શ્વનાથ તો નિરાકાર છે તો પછી કોણ કરે છે ભક્તોના ઉપસર્ગોને દૂર ?
- કહેવાય છે કે જ્યારે હજારો વર્ષ પહેલા વરાહમિહિર વ્યંતરદેવે ચતુર્વિધ સંઘમાં મર્કી રોગ ફેલાવી દીધો ત્યારે ચતુર્વિધ સંઘે આચાર્ય ભદ્રબાહુ સ્વામીના શરણે, ઉપસર્ગ નિવારણ અર્થે વિનંતી કરી. વિનંતીનો સ્વીકાર કરતાં આચાર્ય ભદ્રબાહુ સ્વામી એકાંત સ્થાને જઈ પ્રભુ પાર્શ્વની ભક્તિમાં એકાકાર થઈ ‘‘મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર” ની રચના કરી



## મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો ઉદ્ભવ...

હૃદયના અતલ ઊંડાણથી પરમાત્માનું નામ સ્મરણ કરતી વખતે ઉઠતાં સ્પંદનો પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતા એવા પાર્શ્વયક્ષને સ્પર્શી જતાં, તે આચાર્ય ભદ્રબાહુ સ્વામીની સેવામાં ઉપસ્થિત થયા અને કહેવાય છે કે પાર્શ્વયક્ષે વચન આપ્યું કે જે વ્યક્તિ આ સ્તોત્રનું સ્મરણ કરશે તેના ઉપસર્ગો દૂર થઇ જશે. સ્તોત્રપાઠના પ્રભાવે વ્યંતરદેવના ઉપસર્ગો દૂર થતાં ચતુર્વિધ સંઘમાં શાંતિ થઈ.

- આજે પણ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ઉપસર્ગોનું અને વિઘ્નોનું હરણ કરે છે.
- તેનો 7 વાર, 27 વાર, 108 વારનો પાઠ મહાફળદાયક છે.



# મંત્ર સિદ્ધિ...

- ઉત્કૃષ્ટ ભાવથી કરેલી સાધના અવશ્ય સ-ફળ જ હોય છે. પૂર્વે કરેલી સાધના ક્યારેક અધૂરી રહી ગઈ હોય પણ અંદરમાં વવાયેલા બીજ ક્યારેકને ક્યારેક વટવૃક્ષ બની સાધકની રક્ષા કરે છે.
- આવો જ એક સાધનાનો સાક્ષાત્કાર પરમ ગુરુદેવના જીવનમાં સર્જાયો. 1992ની સાલ, Medical science અને doctors દ્વારા જાહેર થયેલી જિંદગીની અંતિમ ક્ષણો ગણાઈ રહી હતી, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં અચાનક કદી ન સાંભળેલો, ન વાંચેલો 'શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર' લયબદ્ધ પદ્ધતિમાં સ્વયં સ્ફુરિત થયો. જેમ-જેમ સ્તોત્રનું પ્રાગટ્ય થતું ગયું, 80% લોહી નીકળી ગયેલા, અશક્ત શરીરમાં ફરી શક્તિનો સંચાર થવા લાગ્યો

અને ડોક્ટરના આશ્ચર્ય વચ્ચે, દેહની અત્યંત પીડા વચ્ચે ગુરુદેવના અંતર મનમાં અવિરત થતાં આ સ્તોત્રના જાપ, એમને નવજીવન પ્રદાન કરી ગયા.

- આ સ્તોત્ર અંતરમાંથી સ્વયં સ્ફુરિત થયો, એનું પ્રાગટ્ય થયું જે દર્શાવે છે કે પરમ ગુરુદેવનો આત્માં પૂર્વનો કોઈ વિશિષ્ટ કોટિનો સાધક આત્મા છે. તે સદ્‌ભાગી ક્ષણથી આજ સુધી આ સ્તોત્ર પરમ ગુરુદેવના સ્મરણમાં સતત ગુંજતો રહ્યો છે.

- દિવસ-રાત, પ્રતિ ક્ષણ-હર પળ આ સ્તોત્રની અલગ અલગ મુદ્રામાં અવિરત જપ સાધનાથી, આ સ્તોત્ર એમને સિદ્ધ થઈ ગયો છે, એમના જીવનનો શ્વાસ બની ગયો છે.



# આ સ્તોત્ર કેવી રીતે બોલાય ?

- આ સ્તુતિ તો પરમાત્માને પોકારવાની પ્રાર્થના છે. આપણી વ્યથાને વાચા આપતી વિનંતી છે. માટે આ સ્તવના કરતી વખતે આપણી શ્રદ્ધા ભાવના એવી પ્રબળ હોવી જોઈએ કે આપણો નાદ સાંભળીને સ્વયં પરમાત્માને આપણી પાસે દોડી આવવાનું મન થાય..!!
- કોઈ પણ સ્તોત્રનું સ્મરણ જો યથાવિધી કરવામાં આવે તો જ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની લયબદ્ધતા સમજાવી છે.
- પહેલું પદ - હંસ ગતિથી • બીજું પદ - સિંહ નાદથી • ત્રીજું પદ - હસ્તિ ગતિથી • ચોથું પદ - સર્પ ગતિથી.



## આ સ્તોત્ર કેવી રીતે બોલાય ?

- પહેલું પદઃ પહેલું પદ હંસ ગતિથી બોલવાનું હોય છે. જેમ હંસ ધીરે ધીરે પાંખ ફેલાવી ઉડવાની તૈયારી કરે છે તેમ આ સ્તોત્રનાં એક એક અક્ષર ધીમે ધીમે મુખકમલમાંથી નીકળવા જોઈએ!
- બીજું પદઃ બીજું પદ સિંહના નાદની જેમ બોલવાનું છે. સિંહની ગર્જનાની જેમ ફોર્સથી નાભિના ઊંડાણથી અક્ષરો બહાર કાઢવા જોઈએ. એવો અંતરનો નાદ આપણી આસપાસ એક એવા સુરક્ષા મંડળની રચના કરે છે જે આપણી સાધનાને વિચલીત થવા ન દે!



## આ સ્તોત્ર કેવી રીતે બોલાય ?

- ત્રીજું પદઃ આ પદ હસ્તિ ગતિથી બોલવાનું છે. હસ્તિ એટલે હાથી. હાથી જેમ ધીમે ધીમે સ્થિરતાપૂર્વક એક જ ગતિથી ચાલે તેમ એક જ તાલમાં એક એક શબ્દનો ધ્વનિ નીકળવો જોઈએ. કોઈની ગણના પણ નહીં અને કોઈની અવગણના પણ નહીં!

- ચોથું પદઃ આ પદ સર્પગતિથી બોલવાના હોય છે. સર્પ જેમ એક સમાન એક સરખા લયથી સરકે છે તેમ સ્તોત્રના એક-એક અક્ષર અંતરમાંથી લયબદ્ધ નિકળવા જોઇએ. આ લયતા જ લીનતા અપાવે છે.



# માળાનો મંત્ર...

- પરમ ગુરુદેવની સાધના દ્વારા અભિમંત્રિત આ માળામાં મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું નાભિના નાદથી ઉચ્ચારણ કરવું જોઈએ.
- હીરા ઉપર પહેલ પડે અને તે વધુ તેજસ્વીતાને પ્રાપ્ત કરે છે, તેમ સ્તોત્રની જેમ-જેમ જપ સંખ્યા વધતી જાય તેમ તેમ તેની શક્તિ વધુ ખિલતી જાય છે. લાખો અને કરોડો જાપ થતાં તે મંત્ર સિદ્ધ બની જાય છે.
- માળા 108 પારાની હોવાથી અને મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર લયબદ્ધ બોલવા જતાં પ્રભુ ભક્તિમાં કલાકો વ્યતીત થઈ જાઈ. તેથી જ્યારે સમયનો અભાવ હોય ત્યારે માત્ર “ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ.. ” ભાવ વિભોર થઈ બોલી શકાય છે.



# માળા ક્યા મળે ?

- માળા તે ગુરુ કે કોઈ સિદ્ધપુરુષો પાસેથી ગ્રહણ કરવી જોઈએ. માળાને જ્યારે magnetic energyથી charge કરવામાં આવે, ત્યારે મણકા ન રહેતા માળા બની જાય છે. જેમ mobileમાં simcard નાખવાથી એ activate થાય છે, તેમ સિદ્ધપુરુષ કે ગુરુએ પ્રદાન કરેલી માળા charged માળા હોય છે. આ માળા જેમણે આપી હોય તેમની પાસે સમયે સમયે recharge કરાવવી જોઈએ.



# માળા શેની બનેલી હોવી જોઈએ ?

- ભાવથી જ્યારે માળા ગણીએ ત્યારે positive energy ઉત્પન થાય છે, એ energy ને save કરવા માટે માળા અવાહક પદાર્થની, જેમ કે સવન- રુદ્રાક્ષ- તુલસી- સુતર આદિ કુદરતી પદાર્થની હોવી જોઈએ, પ્લાસ્ટિક કે metalની ન હોવી જોઈએ.
- મંત્ર સાથે જ્યારે શ્રદ્ધા ભળે અને positive vibrations ભળે ત્યારે positive powers અનેક ગુણા થતા divine powers અવશ્ય અનુભવાય છે.



# ગુરુ મુખે મંત્ર ગ્રહણનું મહત્વ...

- જેમણે આ સ્તોત્રરૂપ મંત્રને સિદ્ધ કર્યો છે, તેવા સિદ્ધપુરુષના શ્રીમુખેથી જ્યારે મંત્ર ગ્રહણ થાય છે ત્યારે તેમની સાધનાના તરંગોથી તરંગિત મંત્રની અલૌકિક શક્તિઓ નીખરી ઉઠે છે.

- સાધનામાં સહાયક મંત્ર જ્યારે ગુરુમુખેથી પ્રાપ્ત થાય છે ત્યારે ગુરુદેવની અજોડ સાધના શક્તિ અને પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની પરમ ભક્તિ જ્યારે એકત્ર થઈ નાભિના નાદ દ્વારા સ્તુતિ સ્વરૂપે બહાર આવે છે ત્યારે તે શક્તિ અને ભક્તિના દિવ્ય પરમાણુઓ આસપાસના વાતાવરણમાં ફેલાઈ એક positive electro -magnetic fieldનું સર્જન કરે છે.



# માળા ક્યારે કરાય?

- જેમ એક બાળક માં ને ગમે ત્યારે બોલાવી શકે અને ગમે તેટલીવાર બોલાવી શકે તેમ સાધક પરમાત્માને ગમે ત્યારે બોલાવી શકે.
- માળા જ્યારે ભાવ થાય, જ્યારે હૃદયની ઊર્મિ જાગે, જ્યારે મન શાંત-પ્રસન્ન હોય, જ્યારે અંતરમાં ઉલ્લાસ હોય ત્યારે કરાય.
- જ્યારે પણ આપણે માળા કરીએ ત્યારે આશા કે અપેક્ષા ન હોવી જોઈએ, કેમ કે, તે માળાનું અવમૂલ્યન છે. જ્યારે પણ તમે કોઈ ઈચ્છા ધરાવો છો ત્યારે તમારા પુણ્ય ખર્ચાય છે પણ જ્યારે તમે ભક્તિ ધરાવો છો ત્યારે તમારા પુણ્ય બંધાય છે.



# માળા ક્યા કરી શકાય અને ક્યા રાખવી જોઈએ ?

- માળા ગમે ત્યાં કરી શકાય.
- આ માળા ઘરમાં, દુકાનમાં, factoryમાં બધે જ કરી શકાય છે.
- જ્યાં માળાનો નાદ ગુંજે ત્યાં negative energy અને અશુભ auraનો નાશ થઈ જાય છે અને ત્યાંનું વાતાવરણ શાંત અને પવિત્ર થઈ જાય છે.
- માળા જમીન પર ન રાખવી જોઈએ, આપણા બેસવાના આસનથી ઊંચા આસને રાખવી જોઈએ. ઉત્તમ પદાર્થનું સ્થાન પણ ઉત્તમ હોવું જોઈએ.



# આ માળા કોણ કરી શકે ?

- માળા એ પરમાત્મા સાથે અનુસંધાન કરવાનું માધ્યમ છે અને પરમાત્મા સાથે અનુસંધાન કોઈ પણ કરી શકે. કેમ કે, પરમાત્માની દ્રષ્ટિમાં સહુ સમાન છે.
- ગમે ત્યારે, ગમે તે વ્યક્તિ, ગમે ત્યાં અને ગમે તેવા સંજોગોમાં માળા કરી શકે, જૈન-અજૈન બધા જ કરી શકે છે.



# માળા કેવી રીતે કરાય?

- આ માળા divine powersવાળી હોવાથી માળાને નખનો સ્પર્શ ન થવો જોઈએ.
- માળા જમણા હાથે પકડવી જોઈએ અને હૃદય પાસે રાખીને ફેરવવી જોઈએ.
- માળા નાભિથી ઉપર રહેવી જોઈએ.
- માળાને પહેલી આંગળી(તર્જની)નો સ્પર્શ ન થવો જોઈએ. કેમ કે, પહેલી આંગળીમાંથી negative force બહાર નીકળતો હોય છે.
- માળા શ્રદ્ધા અને વિશ્વાસથી કરવી જોઈએ, જેટલી શ્રદ્ધા વધારે એટલી અનુભૂતિ વધારે.



# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો અર્થ...

અર્ધમાગ્ધી ભાષામાં રચાયેલા આ સ્તોત્રનો અર્થ, સાધક જાણે તો એ ભગવાનની ભક્તિમાં તન્મય થઈ શકે છે.

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં,**

ઉપસર્ગ હરનાર એવા કર્મ સમૂહથી મુક્ત, પાર્શ્વનાથને વંદું છું,

**વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં**

વિષનો નાશ કરનાર, મંગલ અને કલ્યાણના આવાસરૂપ છો. ..1..

**વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,**

જે મનુષ્ય, સદા વિષધર ફુલિંગ નામના મંત્રને કંઠમાં ધારણ કરે છે,

**તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરાજંતિ ઉવસામં**

તેના ગ્રહરોગ-મહામારી, દુષ્ટ જ્વર-તાવ, વ્યથા શાંત થાય છે. ..2..

**ચિટ્ઠઉ દુરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુ ફલો હોઈ,**

મંત્રનું સ્મરણ તો દૂર રહો, તમોને પ્રણામ પણ ઘણું ફળ દેનાર હોય છે,

**નર તિરિયેસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં**

મનુષ્ય અને તિર્યંચ જીવો દુઃખ દરિદ્રતાને પણ પામતા નથી. ..3..

**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,**

ચિંતામણિ અને કલ્પવૃક્ષથી વધારે મહિમાવાળું, સમ્યક દર્શન પ્રાપ્ત થવાથી





**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં**

વિઘ્નરહિત જીવો અજર-અમર સ્થાનને પ્રાપ્ત કરે છે. ..4..

**ઇઅ સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,**

હે મહાયશસ્વી પ્રભુ! ભક્તિથી પૂર્ણ ભરેલ હૃદય વડે આ સ્તુતિ કરતા

**તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ**

હે દેવ! પાર્શ્વનાથ જિનચંદ્ર! બોધિબીજ જન્મોજન્મ આપો. ..5..



# Mala...

- Mala... that which connects a devotee with Parmatma!
- Mala... that which makes one experience the divinity of Prabhu's sacred presence with the recitation of His name.
- Mala... that which supports us to win over our ego.
- Mala... that which breaks the shackles of illusion and helps a soul attain liberation.



# Mahaprabhavak Shree Uvasaggahar Stotra

- Shree Uvasaggahar Stotra is a mantra that eliminates obstacles, relieves suffering and spreads prosperity.
- It makes us attain the sanctity of devotion. Pure devotion has the strength to make us LIKE Parmatma.
- Chanting Shree Uvassagghar stotra with profound devotion towards Prabhu Parshwanath's divine qualities gives birth to those same qualities inside us and initiates our journey towards soul purification.

# Mahaprabhavak Shree Uvasaggahar Stotra

- The divine vibrations emerging from devotion towards Parmatma create a calm blissful environment.
- Shree Uvasaggahar Stotra is an elevating ode to Parmatma. Drenching oneself in this devotional bhakti washes away all our bad qualities, purifies the soul and helps us achieve right vision (samyak darshan).



# The Origin of Mahaprabhavak Shree Uvasaggahar Stotra

- Mahaprabhavak Shree Uvasaggahar Stotra is a hymn dedicated to Parmatma Parshwanath, the 23rd Tirthankar in Jain philosophy.

- The origin of this mantra has a very interesting history. More than two thousand years back, there were two brothers who had adopted renunciation – Bhadrabahu and Varamihir. After years of following the ascetic life, they were equal in every aspect. However, Bhadrabahu Swami's inborn quality of respect was much greater than his brother, Varamihir. And the Guru therefore made Bhadrabahu Swami his successor, the

next Acharya. Varahmihir was furious at this decision, and decided to give up his ascetic life. He had a misconception that Bhadrabahu was the root cause of his sorrows, and this misconception became stronger with many other incidents in his life. Eventually, he died and became a celestial being of the Vyantar category. He recollected the negative memories of his past life and decided to take revenge from his brother, Bhadrabahu. Having special powers as a celestial being, he created a severe epidemic in the entire congregation of ascetics and lay followers. Acharya Bhadrabahu Swami was the head

of this entire congregation. Innumerable people were suffering and dying. Community leaders requested Acharya Bhadrabahu Swami for a solution in this grave situation.

- Acharya Bhadrabahu Swami was a devout follower of Prabhu Parshwanath. For three days, he went into isolation and entered a meditative state of deep sadhana. His entire existence was drenched in devotion towards Prabhu Parshwanath and he created this powerful Mahaprabhavak Shree Uvasaggahar Stotra. His profound devotion compelled a celestial being named Parshwa Yaksh to present himself.



# The Origin of Mahaprabhavak Shree Uvasaggahar Stotra

- Parmatma Parshwanath is a liberated soul. But Parshwa Yaksh is a celestial being who is a staunch devotee of Parmatma Parshwanath. And so, whenever a follower of Parmatma Parshwanath expresses his heartfelt devotion towards Prabhu, Parshwa Yaksh presents himself at his service. On seeing Acharya Bhadrabahu Swami's deep devotion, Parshwa Yaksh was very touched. And he pledged to help every individual who recites this stotra from the bottom of his heart.

- With the influence of this powerful mantra, the epidemic gradually ended and the entire society became healthy and

peaceful once again.

- Even today, this powerful mantra is known to be a healer of the mind, body and soul. Every syllable of this stotra is energized with divine vibrations and brings peace, calm and positivity in our lives.
- Shree Uvasaggahar Stotra is known to be the most fruitful when recited 7, 27 or 108 times.



# Mantra Siddhi...

- A sadhana done with exquisite and pure feelings is always successful. A sadhana from previous births might be incomplete, but one day or the other, the seeds that have been sown will blossom and grow into a big tree to protect the seeker. And Param Gurudev's life journey bears witness to this phenomenon.

- In his second year after renunciation, Param Gurudev fell ill with high fever and his health deteriorated severely. He had vomited 80% of his blood, as a result of which doctors had lost

hope too. Where medical science failed, mantra science came to his rescue. Accepting the face of death fearlessly, Param Gurudev was chanting the Namaskar Mantra. But in the midst of this, he started reciting Shree Uvassaggahar Stotra, a mantra that he had never learnt or heard before. As he kept reciting this stotra, he regained his strength and got a new lease of life. Soon, he was out of danger.

- Realizing his past life connection with the Mantra, he started intensive research on every syllable, phrase, and the hidden

meaning of every word. He practiced deep sadhana of the Mantra for days, nights and months together, and finally actualized it. Since then, he has mastered this Mantra and attained mantra siddhi. It has become his very breath. Countless people across the world recount experiences of how the positivity of this mantra coupled with Param Gurudev's charged mala has helped them overcome critical obstacles in life.



# How should we recite this stotra?

- This hymn is a calling to Parmatma. It expresses the yearning of a devotee. And so, when we recite this stotra, our faith should be so strong that it compels Parmatma Himself to listen to our yearning and come to us.

- Any stotra can be fruitful only when it is recited in the right way. Acharya Bhadrabahu Swami has explained the rhythm of Shree Uvasaggahar stotra as - • 1st stanza – like a swan • 2nd stanza – like a lion's roar • 3rd stanza – like an elephant's gait • 4th stanza - like a snake's movement.



## How should we recite this stotra ?

- 1st stanza- 1st stanza should be recited like a swan. Just like a swan that slowly and gradually expands it's wings and prepares itself to fly similarly every syllable of this stotra should be pronounced slowly with precision.
- 2nd stanza- 2nd stanza should be delivered like a lion. Just like a lion's roar, every word should be recited in a powerful and thunderous way , from the core of our conscious (navel centre).



## How should we recite this stotra?

- 3rd stanza- This stanza has to be recited with the speed of an elephant. Like an elephant which walks slowly at an even pace, similarly each and every word should be spoken at the same rhythm, showing equal significance of every word.

- 4th stanza- The tune of this stanza should resemble a snake. Just like a snake that travels in smooth movements, every letter of this stotra should come out from within, in a smooth unbroken tune. It is this tune which will help us in achieving the transcendental state.



## The Mantra of this Mala...

- Recite Mahaprabhavak Shree Uvasaggahar Stotra with utmost devotion on this mala which has been charged with Param Gurudev's profound sadhana energy.

- Like a diamond's shine increases as and when it gets polished; similarly, the powers of a mantra become stronger as and when our recitation increases. And when we recite this mantra crores and crores of times, we master and actualize the mantra – known as mantra siddhi.

- Since this mala has 108 beads, it can take hours to complete

one mala with a soulful recitation of the entire Mahaprabhavak Shree Uvasaggahar Stotra on every bead. And so, when you have time limitations, you can just recite 'Uvvasahhgaram passam passam vandami' 108 times with deep devotion.

- When a mantra is recited with faith and positive vibrations, the positivity is multiplied by many folds and one certainly experiences its divine powers.



# Where can we get the Mala?

- A mala should always be accepted from the Guru or any spiritually enlightened person. When it is charged with magnetic energy, then every bead transforms into a mala in the true sense.

- Like a mobile gets activated only when a sim card is inserted inside it, only a mala which has been granted by the Guru or a spiritually enlightened person is charged with positive vibrations. And you should also get your mala frequently recharged from the person who has blessed you with it.



## What material should a mala be made of?

- When we do mala with complete dedication, it generates positive energy. To save this energy, the mala should be made of any natural material that has good insulating properties such as rudraksh, wood, holy basil (tulsi), shaligram, cotton, etc.

- A mala should not be made of plastic or metal substances.



# The importance of receiving mantra from Guru or a spiritually enlightened person

- When the mantra is received from a person who has attained mantra siddhi, the vibrations of his sadhana unlock and nurture the extraordinary powers of the mantra.

- Mantra is a supporter of our sadhana. And when we receive this mantra from Guru, we can experience the combination of his profound sadhana and deep devotion for Prabhu Parshwanath. When this mantra emanates from the epicenter of his navel, it spreads vibrations of divinity which create a positive electro- magnetic field in the entire environment.



# When can we recite the mala?

- Just like a small child can call his mother at anytime and anywhere, a seeker too can call his Parmatma at all times.
- You should recite the mala when you feel inspired to do so from within, when you are wholeheartedly enthusiastic about it, when your thoughts are pure, when there is peace of mind and you are calm from within.
- Whenever you recite the mala with any demand or desire, you reduce your punya (good luck). But when you do it pure heartedly with complete devotion, it increases your punya.



# Where can we chant the mala and Where should we keep the mala ?

- Mala can be counted anywhere.
- This mala can be chanted at home, in the houseThere is no specific place to do mala. It can be practiced anywhere.
- Chanting of this mala can be practiced at home, at the shop, at the factory, anywhere.
- Negativity and impure aura is vanished from the place where mala mantra japp is done. There is an immediate positive shift in aura, vibration and purity of the environment.



# Where can we chant the mala and Where should we keep the mala ?

- Mala should not be placed on the floor, it should always be placed at an elevated level.Worthy object should have a worthy place.You should always place the mala at an elevated level. Never place it on the floor.
- A valuable object should have a worthy place.



# Who can recite this mala ? How should we recite this mala ?

- Mala is a medium to connect with Parmatma, to become like Parmatma. Therefore, anyone and everyone can recite this mala, be it Jains or non-Jains alike. For Parmatma, every soul is equal.

- Since this mala is charged with divine powers, it should be taken care that your finger nails do not touch the beads.

- The mala should be held in your right hand and always above the navel region.



## Who can recite this mala ? How should we recite this mala ?

- It should be recited while holding it close to the heart.
- You may have noticed that whenever you are angry, whenever you blame someone, you always use your first finger to point at them. And so, there is negative energy which flows out from this finger. For this reason, your first finger should not touch the mala. Use the second finger.
- Mala should be recited with complete faith and devotion. The greater your faith, the more profound will be your experience of this auspicious mala.



# The meaning of Mahaprabhavak Shree Uvasaggahar Stotra

- This mantra is created in Ardhamagadhi language. When a seeker understands the essence and true meaning of this mantra, then he can completely surrender himself in devotion towards Parmatma.

**Uvasaggaharam Päsam,**
**Päsam Vandämi Kamma-ghan-mukkam;**

I bow down to Parmatma Parshwanath, who is free from all types of karma

**Visahar-vis-- ninnäsam,
Mangal Kallän Äväsam**

Who is the destroyer of the most poisonous venom of vices within me, and who is the abode of bliss and well being.

**Visahar-fuling Manatam,
Kanthe Dharei Jo Sayä Manuo;**

The one who weaves this Visahar – fulling stotra in every breath,

**Tassa Gah Rog Märi,
Duttha-Jarä Janti Uvasämam**

All his suffering, diseases, epidemics and acute fever get calmed down.

**Chitthau Dure Manto,
Tujza Panamo Vi Bahu-falo Hoi;**

Let alone mantra recitation, even merely bowing down to Parmatma, showers upon a seeker his infinite grace!





**Naratiriesu Vi Jivä,**
**Pävanti Na Dukkha-Dogachcham**

Not just humans, but even animals who recite this stotra, can free themselves from suffering and difficulties

**Tuha Sammatte Laddhe,**
**Chintämani Kappa-Päyavabbhahie;**

Faith in this stotra evolves samyak darshan (right vision) within a seeker, which is even more precious than the wish-fulfilling Chintamani gemstone and Kalpavruksh tree

**Pävanti Avigghenam,**
**Jivä Ayaramaram Thänam.**

It makes one's path towards liberation free of obstacles, and helps him attain the everlasting state of siddhatva.

**Eha Santhuo Mahäyas,**
**Bhatti-bbhar-nibbharen Hiyaenam;**

O Victorious Parmatma! Your prayer is truly magnificent and glorious. I sing this hymn with a heart flowing with devotion

**Tä Dev Dijza Bohim,**
**Bhave Bhave Päs Jinachanda**

And so, O Prabhu Parshwa! Bless me with the priceless Bodhi- the understanding of the ultimate truth by grace of which I can attain your sharan (shelter), and this blessed Jin shasan in every birth.

Stay Connected...!! **DIGITAL PARASDHAM**

+91 98609 05678


www.facebook.com/ParasdhamIndia | www.soundcloud.com/Parasdham | www.youtube.com/ParasdhamTV

www.instagram.com/Parasdham | connect@parasdham.org | www.parasdham.org

# Experience Divinity on WhatsApp ZONE

| | | | | | |
|---|---|---|---|---|---|
| North India | +91-79-77-5555-02 | East India | +91-79-77-5555-03 | Gujarat | +91-79-77-5555-06 |
| South India | +91-79-77-5555-04 | Maharashtra | +91-79-77-5555-05 | International | +91-79-77-5555-07 |

Steps: 1. Save the Number • 2. Text "Jai Jinendra" <Name, City> from WhatsApp



## PARAM~G
## MOBILE APP

A complete package of Spirituality

**APP features**

- LIVE WEBCAST
- Meditation
- Jap Sadhana Mantras
- Enlightening Pravachans
- Bhakti songs
- Aagams and e-Books

and much more...

To download,

**Visit: parasdham.org/paramg-app/**

SCAN this QR code and install

Available on

Available on the App Store

GET IT ON Google Play

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી
મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સાંભળવા આ QR Code scan કરશો